Vidya (2017) Vol. No : 2

Original Paper

ISSN : 2321-1520

# પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત્ર'નું કડવું-૧૧ રસદર્શન

**કાન્તિ માલસતર***

એસોસિએટે પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
*Corresponding author

Received Date : 12-2-2017

Published Date : 15-9-2017

કવિ પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત્ર'નું કડવું 11 મૈત્રીપ્રેમ અને ભક્ત-ભગવાનના પરસ્પર ભાવનું યથાર્થ ચિત્ર ખડું કરે છે. 10મા કડવામાં મત્રના ખબરઅંતર પૂછ્યા પછી અંતે કવિએ કહ્યું છે કે :

'પછે દારિત્ર ખોવાદાસનું, સોમદષ્ટિ શ્રીકૃષ્ણે કરી'

11મા કડવામાં સોમદષ્ટિનાં મીઠાં ફળ જોવા મળે છે. આ કડવામાં કૃષ્ણે સુદામાની તાંદુલની પોટલી તાણી લીધી અને તાંદુલ ખાતાં - ખાતાં એની ભવની ભાવઠ ભાંગી તેનું વર્ણ નછે. એટલે સુદામા અંતર્યામી કૃષ્ણ પાસે જાય છે, એને પત્ની દ્વારા મોકલાય છે એની સિદ્ધિ અર્થાત્ સીધું પરિણામ જોઈ શકાય છે. અહીં ઘટના બહુ મોટી બને છે પણ એની શરૂઆત એટલી સાહજિક અને સરળ રીતે થાય છે કે એનો જરાય ભાર ન વરતાય કેવી છે આઘટના ? તે જોઈએ.

કડવાની શરૂઆતમાં 'ગોવિંદે ગોઠડી કીધી' શબ્દો પછી તરત 'દારિત્ર ખોવા દાસનું, ગાંઠડી દૃષ્ટમાં લીધી' પંક્તિમાં 'ગોઠડી' અને 'ગાંઠડી' જેવા શબ્દપ્રયોગથી ગુજરાતી ભાષાની નજાકત વ્યક્ત થઈ છે. 'ગાંઠડી' શબ્દ દ્વારા ખ્યાલ આવે છે કે એમાં કંઈક છે ને પછીની પંક્તિમાં કવિ તરત વાતવાતમાં કહી દે છે કે :

*'અઢળક ઢળિયો રે શામળિયો, મુષ્ટિ તાંદુલ માટે;*
*ઇન્દ્રનો વૈભવ આપશે, અલ્પ સુખડી સાટે.'*

તાંદુલ છે એવી ખબર ભાવકને પડે છે પણ વાતવાતમાં આટલી મોટી વાત-અઢળક ઢળવાની વાત - કવિ કહી દે છે એ જ કવિકલાની મોટી સિદ્ધિ છે. ભગવાન ભક્ત માટે અઢક ઢળે એનાથી મોટી વાત કંઈ હોઈ શકે ? સામાન્ય રીતે મનુષ્ય ઈશ્વર પ્રત્યે ભક્તિભાવ રાખે, એને પૂજે-ભજે પરંતુ અહીં ક્રિયા ઉલટી બને છે. આજે ભગવાન ભક્ત અલબત પોતાના મિત્ર સુદામા તરફ અઢળક ઢળે છે એમાં બધું જ આવી ગયું. પ્રેમાનંદે આ કડવામાં અદ્ભૂત શબ્દસમૃદ્ધિ ઠાલવીને કવિકૌશલના દર્શન કરાવ્યા છે.

ત્યારબાદ બંને મિત્રો વચ્ચે સંવાદસેતુ રચાય છે. કૃષ્ણને મન તો મિત્ર મળવા આવ્યા એ જ '.મનવાંછિત' ફળ છે. પછી કંઈક નાટ્યાત્મક ઢબે અતિ નિકટ સંબંધના નાતે પૂછાતો ોય એવો પ્રશ્ન પૂછાય છે :

'કાંઈ ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા !

શું લાવ્યા ?'

પ્રેમાનંદ રસસિદ્ધિ કવિઆખ્યાનકાર છે. હવે પછીની પંક્તિઓમાં જે રીતે હાસ્યરસનું માર્મિક આલેખન કર્યું છે એ વાંચતા ખ્યાલ આવે છે કે કવિને માનવસ્વભાવનો અચ્છો-ખાસ્સો પરિચય છે :

*'ચરણ તળે શું ચાંપી રાખો ? મોટું મન કરી કાઢો;*
*અમો જોગ એ ન હોય તો દૂર થકી દેખાડો.'*

જોઈ શકશો કે તદ્દન નજીવી વસ્તુ ભક્ત પાસે, મિત્ર પાસે માગીને કૃષ્ણ, સુદામાના ભવની ભાવઠ ટાળવા માગે છે. બે મિત્રો વચ્ચે થાય, તદ્દન એવી જ ગોષ્ઠિ અહીં દર્શાવાઈ છે. કૃષ્ણ જે રીત મુઠ્ઠી તાંદુલ માટે યાચજના કરે છે, અઢળક ઢળે છે એ જોઈને સકલ સુંદરી, નારી સમસ્તને આશ્ચર્ય છા. છે. કૃષ્ણની આવી તાલાવેલી જોઈને સુદામા વિચારમાં પડી જાય છે. પ્રેમાનંદમાં ફરી વખત માનવસ્વભાવની કેવી પરખ છે એ જોઈ શકાય છે. સુદામા દોષનો ટોપલો પત્ની પર ઢોળે છે. મનોમન પોતાને ગુસ્સો આવે છે ને ન વિચારવાનું વિચારી બેસે છે એમાં સુદામાની અવઢવ ભરેલી સ્થિતિ જોઈ શકાય છે.

કૃષ્ણ સુદામાના મનને, વિચારને પામી, પારખી જાય છે ને ધીમે રહી હસતાં-હસતાં તાંદુલ લઈ લે છે, તાણીને લઈ લે છે. બહુ સામાન્ય એવા તાંદુલ કૃષ્ણ સોનાની થાળીમાં મૂકે છે. પટરાણીને આ ક્રિયા જોઈ અચરજ થાય છે. સામાન્ય વાચકને પણ નવાઈ લાગે છે, શ્રીકૃષ્ણ પોતે કહે છે કે, ઘણાં ઘણાં અવતાર લીધા પણ આવો તાંદુલનો સ્વાદ કોઈ વાર નથી આરોગ્ય. મિત્રો ઘણા મોટા જોયા પણ કોઈએ આવો સ્વાદ ચખાડ્યો નથી.

કૃષ્ણ આવી સુદામાપત્નીએ મોકલાવેલી ભેટને 'ભારે કરી' માને છે ને વિચારે છે કે,

*'સાત જન્મ લગી સુદામે નથી કીધું એકે દાન.'*

સુદામાની દારિદ્ર્યાવસ્થાનું, એણે નહીં કરેલા દાનનો અહીં જરાક ઉલ્લેખ કરીને કારણ રજૂ કર્યું છે. ભલે એમ તો એમ પણ એક મિત્રને બીજા મિત્ર માટે ભાવ હોય ત્યારે મિત્રની બધી જ મર્યાદાઓ ઢંકાઈ જાય છે.

પોટલીનું એક એક ચીંથરું ખોલે છે તેમ તેમ સુદામાના દુઃખ દૂર થાય છે. અલબત્ત એની સુદામાને ખબર નથી પણ પોટલી ખોલ્યા પછી મુખમાં તાંદુલનો દાણો મૂકે છે ત્યાં સુદામાને ત્યાં છાપરીની જગ્યાએ સપ્તભોમ (સાત માળનો) આવાસ રચાય છે. ક્ષણવારમાં બધું જ બદલાઈ જાય છે. પોતાના સુખને મિત્ર સુખ ને મિત્રના દુઃખને પોતાનું દુઃખ માની કૃષ્ણ વણમાગી અષ્ટ મહાસિદ્ધિ ને નવે નિધિ આપે છે. કોઈ અતિ વૈભવી વ્યક્તિને ત્યાં જે જાહોજહાલીલ હોય તે બધી જ સુદામાને ત્યાં ખડી કરાય છે. 'શર્વરી (રાત્રિ) તો વહી ગઈ ને થયો પ્રાતઃકાળ રે.' દ્વારા દુઃખના દાડા કેવા વહી ગયા ને ચારે કોર પ્રાતઃકાળનું સુખભર્યું અજવાળું પથરાયું હોય એમ કડવાને અંતે વલણમાં સ્પષ્ટ કર્યું છે. ખાસ તો અહીં સુદામાના ભવની ભાવઠ ભાંગવાની સાથોસાથ ખુદ કૃષ્ણની પણ ભવની ભાવઠ ભાંગવાનો સંકેત છે.

આ કવામાં આખા 'સુદામાચરિત્ર'નું હાર્દ છે. જેના માટે સુદામાને મોકલ્યા છે એ વસ્તુની સિદ્ધિ અહીં પ્રાપ્ત થાય છે. ભગવાન ભક્તની ભાવઠ ભાંગે ઠે. સદામા સામાન્ય વસ્તુ કૃષ્ણને માટે લઈ જાય છે એમાં મૈત્રીભાવ પ્રગટ થયો છે. વસ્તના મૂલ્યનો મહમા નથી, એ કેવી રીતે આપવામાં આવે છે એમાં એનો મહિમા છે. સામાન્ય વસ્તુ માટે સર્જાતી ખેંચાખેંચ પણ બે મિત્રોના નિર્દોષ પ્રેમનું સુંદર ચિત્ર રચી દે છે. વાચકના મન પર ચિરંજીવી છાપ મૂકી જાય એવાં શબ્દચિત્રો રજૂ કરવા આ કવિ માટે સહસિદ્ધ છે.

પ્રેમાનંદ જેટલી સાહજિકતાથી ગુજરાતી ભાષા પ્રયોજે છે એટલી જ સાહજિકતાથી સંસ્કૃત ભાષા પણ પ્રયોજે છે. મુષ્ટિ, મનોવાંછિત, સંજીવનમણિ,અષ્ટ, મહાસિદ્ધિ, હરિણાક્ષી, શર્વરી જેવા શબ્દોની સામે બિલકુલ પ્રાદેશિક શબ્દોને કવિ પ્રયોજી જાણે છે. જેમ કે, ગાંઠડી, ધરિયાણી, ચીંથરા, છાપરી વગેરે.

આ એક જ કડવામાં કૃષ્ણ માટે વપરાયેલા પર્યાયો પણ અપાર આશ્ચર્યનો અનુભવ કરાવે છે. જેમ કે, ગોવિન્દ,

શામળિયો, જાદવરાય, જદુપતિ, જગદીશ, જુવતીસાથ, વૈકુંઠનાથ, જગજીવન, શ્રીગોપાળ. ગુજરાતી ભાષાને એ સમયમાં આ કવિએ કેવી આત્મસાત કરી છે એ જોઈ શકાય છે. એક જ પંક્તિમાં કર્મવાદને '.નથી કીદું એકે દાન' દ્વારા નિરૂપ્યો છે.

ભગવાન ત્રુઠે એટલે કે રીઝે તો કણનો મણ કરી આપે એવી સર્વસામાન્ય માન્યતાને વાચા આપીને કવિએ આ કડવામાં અદ્‌ભૂત કૌવત દાખવ્યું છે. આ કડવું સુદામાની ગરીબીને દૂર કરે છે એટલા માટે દરેકને ગમે જ ગમે પરંતુ માનવપ્રેમ, મિત્રપ્રેમ, ભક્તભગવાનનો પ્રેમ કેવો અને કેવી રીતે વ્યક્ત થયો છે એનો પણ આ કડવામાં સાદ્યંત અનુભવ થાય છે. આ કડવાને મધ્યકાલીન સંદર્ભે જોતાં ભગવાન-ભક્તનો દૃઢ નાતો અહીં દેખાય, ભાગવતની '.શ્રી દામ' કથા પ્રમાણે પણ સરખામણી કરીએ ત્યારે ભક્તસુદામો જ ભગવાનને મળે એવું તરત દેખાય પણ મને અહીં કૃષ્ણ-સુદામા વચ્ચેની અમર મૈત્રી વધુ સઘન રીતે દર્શાવાઈ હોય એમ લાગે છે. પ્રેમાનંદ કદાચ એટલે આપણા સુધી વધારે પહોંચ્યા હોય અર્થાત્ સુદામાની કથાને પહોંચાડી શક્યા હોય. સુદામો આપણી જેમ નર્યો માણસ લાગે તો કૃષ્ણ એથી વધુ અદકા લાગે. એમાં ક્યાંય કોઈને ગૌરવભંગ જેવું લાગે પણ એ તો (દા.ત. પત્ની દોષ દેતા સુદામા) માનવસ્વભાવની નિશાની છે, એમાં બધું જ આવે. એ મર્યાદા પ્રેમાનંદની નથીપણ પ્રેમાનંદે દેખાડેલી મર્યાદા છે એ રીતે એને જોવી જોઈએ.

**સંદર્ભગ્રંથ :**

1. પારેખ મધુસૂદન, કોઠારી જયંત, નાયક રતિલાલ (સંપાદક), કવિ પ્રેમાનંદ કૃત 'સુદામાચરિત્ર', પ્રકાશક : અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1967.

(તારીખ 08/02/2015ના રોજ સાહિત્ય અકાદમી-દિલ્હી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, બળવંત પારેખ સેન્ટર ફોર જનરલ સિમેટિક્સ, વિવિધ ભારતી, ત્રિવેણી અને મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ સમિતિ, વડોદરા દ્વારા આયોજિત 'પ્રેમાનંદના પગલે પગલે... મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ'માં આપેલ વક્તવ્ય)

- ડૉ. કાન્તિ માલસતર, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, મો. 94280 32802

❑